# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | વિગત | પાન.નં. |
|---|---|---|
| ૧. | **પ્રાસ્તાવિક** (Infrastructure Development, Technical Development, Legal Development) | ૧ – ૪ |
| ૨. | **ગુનાખોરી સંદર્ભે દેશમાં ગુજરાતનું સ્થાન (ક્રાઈમ રેટ અને તેના કારણો)** | ૫ – ૭ |
| ૩. | **કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે દૂરંદેશી આયોજન (શોધ, ગ્રામ્ય કવચ, ત્રિશુલ, સુગમ)** | ૮ – ૧૫ |
| ૪. | **નવા કાયદાઓ** | ૧૬ –૨૨ |
| ૫. | **મહિલા સુરક્ષા** | ૨૩ – ૨૮ |
| ૬. | **મીસીંગ ચાઇલ્ડ કામગીરી** | ૨૯ |
| ૭. | **ડ્રગ્સને અટકાવવાની કામગીરી** | ૩૦ – ૩૫ |
| ૮. | **સાયબર ક્રાઈમ** | ૩૬ – ૩૯ |
| ૯. | **સુરત “તેરા તુજકો અર્પણ”** | ૪૦ |
| ૧૦. | **CPR તાલીમ** | ૪૧ – ૪૩ |
| ૧૧. | **ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી** | ૪૪ |
| ૧૨. | **જેલ વિભાગ** | ૪૫ – ૪૮ |
| ૧૩. | **સમાપન** | ૪૯ |

## (૧) પ્રાસ્તાવિક

માનનીય અધ્યક્ષશ્રી,

આજ રોજ હું આ સન્માનનીય વિધાનસભા ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર અંતર્ગત ગૃહ વિભાગ માટેની કુલ રૂ. ૧૦,૩૫૮/- કરોડની જોગવાઈઓ પૈકી માગણી ક્રમાંક ૪૨, ૪૩ અને ૪૪ હેઠળ રૂ. ૮,૦૯૩/- કરોડની માંગણી રજુ કરવાની મને ગૃહ મંત્રી તરીકે તક મળી છે. ગૃહ વિભાગના ગત વર્ષના રૂ.૮૫૭૩/- કરોડના સાપેક્ષે આગામી વર્ષમાં રૂ.૧૦,૩૫૮/- કરોડની ફાળવણી કરીને રૂ.૧૮૦૪/- કરોડનો વધારો આપવા બદલ મજબુત નિર્ણાયક અને ન્યાયપૂર્ણ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો કોટી-કોટી આભાર માનુ છું.

**ગુજરાતની પ્રગતિ, સલામતિ અને શાંતિનું કારણ રાજય સરકારની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનું સંવર્ધન કરવા માટેની નીતિ, ચોક્કસ અને આયોજન પૂર્વક Pro-active પગલાઓ છે.**

**આવા પ્રયત્નોના ભાગરૂપે રાજ્ય સરકારે છેલ્લા ૨૫ વર્ષોમાં અસરકારક પગલાંઓ લઈને રાજ્યની Justice Delivery System ને ઉત્તમ બનાવવા આર્થિક, માળખાગત અને માનવ સંશાધનમાં રોકણ કરેલું છે. જેમાં જોઈએ તો........**

## ૧.૦ Infrastructure Development

અમારી સરકારમાં પોલીસ ફોર્સની માત્ર સંખ્યા ન વધે, પરંતુ તેની Size સાથે Skill (કદ અને કુશળતા) વધારી પોલીસકર્મીઓની Capacity Building પર ભાર મૂકવામાં આવે તેવું આયોજન અમારી સરકારે કરેલ છે.

રાજ્યની પોલીસને ગુનાઓ ઉકેલવા પૂરતી ટેક્નીકલ મદદ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા એફ.એસ.એલ જેવી પોલીસ સહાયક સંસ્થાઓનું સતત સંવર્ધન કરવામાં આવે છે. FSL માં સતત બદલાતા ગુનાને અનુરૂપ ટેકનોલોજી ડેવલોપેન્ટ થઈ રહેલ છે. અનેક રાજયની પોલીસ એજન્સીઓ, કેન્દ્રિય તપાસ સંસ્થાઓ જેમ કે Railway, CBI, ED, DRI, NIA, CGST / SGST / Banks/ I.T. / DGG વગેરે પણ ગુનાના ઉકેલ માટે FSLની મદદ લે છે, અને તેનાથી વધારે ગૌરવપ્રદ બાબત એ છે કે ઘણા રાજયોની અનેક અદાલતોએ તેમના ચુકાદામાં ગુજરાત FSL સંસ્થાના અવલોકન અહેવાલ ટાંકીને ચુકાદા આપેલ છે. ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુકત પરીણામો આપતી FSL 'દુધનું દૂધ અને પાણીનું પાણી' કરીને દોષિતોને સજા અને નિર્દોષોને મુકિત આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

ચાલુ વર્ષે FSLમાં નવો વિભાગ DNA શરૂ કરવાની જાહેરાત ગૃહ સમક્ષ કરૂં છું.

ગુજરાત દેશનું એક માત્ર એવું રાજ્ય છે જ્યાં RRU, NLU અને NFSU એમ પોલીસ તંત્ર, ન્યાય તંત્ર અને ગુના વિષયક વિજ્ઞાનતંત્ર અંગેની યુનિવર્સિટીઓ આવેલી છે. માન.વડાપ્રધાનશ્રી માન. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના વિઝન અનુસાર શરૂ કરવામાં આવેલી ઉચ્ચ શિક્ષણની આ સંસ્થાઓને આ સરકાર દ્વારા સતત સંવર્ધન કરી તેને મજબૂત બનાવવામાં આવેલ છે.

## ૨.૦ Legal Development

રાજ્યને આતંકવાદ જેવી ગંભીર ઘટનાઓથી બચાવી શકાય અને આપણા સિમાડા સુરક્ષીત રાખી શકાય તે માટે આપણી સરકાર એ.ટી.એસ, ચેતક કમાન્ડો, મરીન ટાસ્ક ફોર્સ, કોસ્ટલ સિક્યુરીટી જેવા ખાસ દળો ઉભા કરીને તેને ખાસ તાલીમ પામેલ જવાનો અને ખાસ પ્રકારના હથિયારો તથા સંશાધનોથી સજ્જ કરતી રહે છે. પરિણામે આટલો મોટો દરિયા કિનારો અને આટલું મોટું રાજ્ય હોવા છતાં અહી આતંકવાદની કોઇ ઘટના બની નથી.

ગુનાહિત માનસિકતા ધરાવતાં લોકોમાં કાયદાનો ડર રહે અને પોલીસને પોતાની કામગીરીમાં કાયદાનો યોગ્ય આધાર મળી રહે તે માટે રાજ્ય સરકારે વખતો–વખત જૂના પણ પ્રવર્તમાન કાયદામાં ફેરફારો કરીને Legal Framework વધુ મજબૂત બનાવ્યું છે.

લેન્ડ ગ્રેબીંગ અને ગુજસીટોક જેવા કાયદાઓ લાવીને ગુનેગારો ગુનો કરતાં પહેલા ડરે તેવો માહોલ ઉભો કર્યો છે.

અદાલતમાં પણ કેસો સાબિત થાય અને ગુનેગારોને કાયદાનુસારની કડકમાં કડક સજા થાય તે માટે ગુના સાબિતીના દર (Conviction Rate)માં ૩૦% જેટલા સુધારાને લક્ષ્ય બનાવીને કન્વિકશન ઇમ્પ્રુવમેન્ટ પ્લાન(Conviction Improvement Plan) અને ડાયરેક્ટરેટ ઓફ પ્રોસીક્યુસન જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકેલ છે.

## 3.૦ Technical Development

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત પોલીસ તંત્રને આધુનિક બનાવવા માટે અત્યંત મહત્વનું અભિયાન ઝૂંબેશ સ્વરૂપે હાથ ધરી આધુનિક ટેકનોલોજીની મદદથી ગુજરાતના પોલીસ તંત્રની કાયાપલટ કરી છે.

આજનું પોલીસતંત્રનું આધુનિકરણ માનનીય નરેન્દ્રભાઈની દીર્ઘદ્રષ્ટિ અને દૂરંદેશી વિઝનને આભારી છે.

તેવી જ રીતે માન. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ દ્વારા પણ સાયબર ક્રાઇમ જેવા ગુનાઓને બનતા પહેલાં જ રોકી દેવાની દૂરંદેશી નીતિના કારણે આજે ભારત સરકાર દ્વારા આ દિશામાં કામ કરતી Indian Cyber Coordination Centre (I4C) સંસ્થાઓ ઉભી કરવામાં આવેલ છે. તેમાંથી પ્રેરણા લઈને, માન. અમિતભાઇ શાહના હસ્તે ગુજરાતમાં પણ સાયબર ક્રાઈમ સામે લડવા માટે Cyber Ashvat જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે.

## (૨) ગુનાખોરી સંદર્ભે દેશમાં ગુજરાતનું સ્થાન

⇨ ભારતની વસ્તીની દ્રષ્ટીએ ગુજરાત રાજ્ય ક્રમ–૦૮ માં સ્થાન પર છે.

**ક્રાઈમ રેટની વ્યાખ્યા :**

નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો (NCRB), New Delhi દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અપરાધની પરિસ્થિતિ સંબંધી માહિતી એકત્રિત કરી દર વર્ષે "ક્રાઈમ ઈન ઈન્ડિયા" નામની પુસ્તિકા બહાર પાડવામાં આવે છે. એક લાખની વસ્તીના સામે કેટલા અપરાધોનાં બનાવો બને છે તેને અપરાધનો દર (CRIME RATE) કહેવામાં આવે છે.

**નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો (NCRB) દ્વારા વર્ષ–૨૦૨૨ માટે બહાર પડાયેલ આંકડા મુજબ**

| Category | Rank of Gujarat ( Out of 36 States/UTs) |
|---|---|
| Violent Crimes | 31 |
| Crime Against Women | 33 |
| Crime Against Children | 27 |
| Crimes Affecting Human Body | 30 |
| Crimes Against Property | 28 |
| Economic Crimes | 33 |
| Crime Against Public Tranquility | 32 |

## ❖ ગુનાખોરી નિયંત્રણમાં રહેવાના ચોક્કસ કારણો :–

- ગુનાઓની તપાસમાં દસ્તાવેજી પુરાવા, ઇલેક્ટ્રોનીક પુરાવા તેમજ ફોરેન્સિંક સાયન્સ નિષ્ણાંતોની મદદથી વધુમાં વધુ પુરાવા એકત્રીત કરી આરોપીને મહત્તમ સજા થાય તે પ્રકારની તપાસ.
- કન્વીકશન રેટ વધે છે તે માટે Conviction Improvement Project.
- Director of Prosecutionનું અલગથી માળખું બનાવવામાં આવેલ છે.
- રાજય પોલીસ દ્વારા અસરકારક નાઇટ પેટ્રોલીંગ કે જેમાં શહેરમાં ડી.સી.પી કક્ષા સુધીના અધિકારીઓ તેમજ જીલ્લાઓમાં નાયબ પોલીસ અધિક્ષક/પોલીસ ઇન્સ્પેકટર કક્ષાના અધિકારીઓ નાઇટ પેટ્રોલીંગ કરે છે.
- વિશ્વાસ જેવા પ્રોજેક્ટ્ના માધ્યમથી સી.સી.ટી.વી. મોનીટરીંગ દ્વારા આવા ગુના ઘટાડવામાં સફળ થયેલ છે.
- મિલકત વિરૂધ્ધના ગુનાઓમાં તપાસ દરમ્યાન બાતમીદારોની યોગ્ય પ્રમાણમાં મદદ મળી રહે તે માટે તેમા અલગથી નાણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં અધિકારીના હોદ્દા જોગ અલગ અલગ રકમ બાતમીદારોને આપવા બાબતની મર્યાદા નક્કી કરવામાં આવે છે.

- નાસતા ફરતાં આરોપીઓને પકડી પાડવા સઘન અને સતત પ્રયત્નો કરવામાં આવે છે. ૨૦૨૩માં ૨૭૮૯ નાસતા ફરતા આરોપીઓને ડ્રાઈવો રાખીને પકડેલ છે. તેની વિગતો જોઈએ તો.......

| Period of Absconding | Total Arrested |
|---|---|
| Above 5 Years | 612 |
| 2 to 5 Years | 626 |
| 1 to 2 Years | 815 |
| Above 6 Months | 437 |
| Upto 6 Months | 299 |
| Total | 2789 |

## (૩) કાયદો–વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે દૂરંદેશી આયોજન

માન. વડાપ્રધાનશ્રીએ આજનું પોલીસ દળ કેવું હોવું જોઈએ તે માટેની વ્યાખ્યા આપતાં કહેલું કે "પોલીસ S.M.A.R.T. હોવી જોઈએ."

**S – Sensitive & Strict**
**M – Mobile & Modern**
**A – Accountible & Alert**
**R – Responsible & Reliable**
**T – Tech savvy & Trained**

**માન. વડાપ્રધાનશ્રીના આ વિઝનને ચરિતાર્થ કરવાની દિશામાં ગૃહ વિભાગ સક્રિય છે. અને તેથી જ ઉપર જણાવ્યા પ્રમાણેના પગલાંઓના કારણે રાજ્યની પોલીસ SMART ની સાથે–સાથે SHARP પણ બની છે.**

**S – Sophisticated**
**H – Helpful**
**A – Active**
**R – Rapid**
**P – Polite**

આપણી પોલીસ સ્માર્ટ અને શાર્પ છે, પરંતુ તેની સ્માર્ટનેસ અને શાર્પનેસમાં સતત વધારો થાય તે માટે ચાલુ નાણાકીય વર્ષે માન મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને માન નાણામંત્રીશ્રીના હકારાત્મક અભિગમ થી રાજ્યના બજેટમાં વિશેષ જોગવાઇ કરી છે. અગાઉ દર વર્ષે મહેકમ–વાહન મંજુર થતા હતા. પરંતુ આ વર્ષે છેલ્લા છ માસથી માન. મુખ્યમંત્રીશ્રી કક્ષાએ, મારી કક્ષાએ, ગૃહ વિભાગ અને પોલીસ તંત્રના અધિકારીઓ સાથે આશરે ૨૫ જેટલી બેઠકો / સમીક્ષા બેઠક યોજી પોલીસ તંત્રને ફાળવાતું મહેકમ અને સાધનોનો ચોક્કસ દિશામાં ઉપયોગ થાય તે માટે આ વિચારણા કરેલ છે.

આ માટે માન. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન અને ગૃહ વિભાગની ટીમના મનોમંથન બાદ શોધ, ગ્રામ્ય સુરક્ષા કવચ, ત્રિશુળ યોજના, સુગમ યોજના, રીસ્પોન્સ ટાઇમ અને સ્પેશ્યલ એકશન ફોર્સ રૂપે નવા પ્રોજેકટસ આપ સમક્ષ રજુ કરીએ છીએ.

**1.0 SHODH (Strengthening of Human Resources for Operations, Detection and Handling of Law & Order Issues) યોજના માટે રૂ. ૬૯.૦૮ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.

- હાલ શહેરોમાં– જીલ્લામાં ૬૫૦ પોલીસ સ્ટેશન છે તે પૈકી ૩૫૮ પી.આઈ. કક્ષાના છે અને ૨૯૨ પી.એસ.આઈ. કક્ષાના છે. પરંતુ જીલ્લા મથક, તાલુકા મથક, ગ્રામ્ય પોલીસ મથકમાં માનવબળ, ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કેવા માપદંડો હોવા જોઈએ તેની અનેક બેઠકો કરીને સમીક્ષા કરી છે.

- આ સમીક્ષા બાદ રાજ્ય સરકારે ચાલુ વર્ષે ૨૦૦ પી.એસ.આઇ. કક્ષાના પોલીસ સ્ટેશનને પી.આઇ. કક્ષામાં અપગ્રેડ કરવા નિર્ણય કરેલ છે. તેની આજ રોજ સન્માનીય ગૃહ સમક્ષ જાહેરાત કરૂ છું, એટલે કે આવનારા બે–ત્રણ વર્ષમાં બાકી તમામ પોલીસ સ્ટેશન પી.આઈ. કક્ષાના થશે તેમ અમે આયોજન કરેલ છે.

- એટલે કે અત્યાર સુધી ચૂંટાયેલ ધારાસભ્યોએ પોતાના વિસ્તારમાં નવા પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશન અપગ્રેડેશન માટે ચિંતા કરીને રાજય સરકારને પત્ર વ્યવહાર કરવો પડતો હતો. તેની ચિંતા હવે રાજય સરકાર કરશે. રાજય સરકારે રચેલ ઉચ્ચ અધીકારીઓની સમિતિ નિયત ચોક્કસ માપદંડોના આધારે નવીન પોલીસ સ્ટેશન, પોલીસ સ્ટેશન અપગ્રેડેશનની અગ્રતા નક્કી કરશે.

- જીલ્લામાં મુખ્ય મથકના શહેર, તાલુકા મુખ્ય મથક અને તાલુકા સિવાયના અન્ય ગ્રામીણ વિસ્તારમાં પોલીસ સ્ટેશન હોય છે, તેમજ મહાનગરમાં લાર્જ, મીડીયમ, સ્મોલ તેમ વર્ગીકૃત કરેલ છે. આ પોલીસ સ્ટેશનની અગ્રતા ભૌગોલિક વિસ્તાર, વસ્તી, ગુનાઓ અને વસ્તીનો રેશિયો, કોમી સંવેદનશીલતા, કાયદો–વ્યવસ્થાની સ્થિતિ, ટ્રાફીક વોલ્યુમ જેવા માપદંડના આધારે નક્કી કરવામાં આવશે.

- Police Population Ratio જોઈએ તો.....

  - U.N. - 225 (225 Police Per Lac Population)
  - ALL India - 197
  - Gujarat - 174 છે.

- આ P.P.R. વધારો કરવા નવી જગ્યા મંજુર કરી છે અને ઝડપી, પારદર્શક અને ગુણવત્તાયુક્ત ભરતી થાય અને ખાલી જગ્યા ભરાય તે માટે પોલીસ ભરતી બોર્ડની રચના કરી છે.

- આ મંજુર થયેલ મહેકમ કયા જીલ્લા/ શહેરમાં ફાળવણી કરવી તેના માટે ડીજીપી, એડીજીપી (એડમિન), સચિવશ્રી (ગૃહ), સચિવશ્રી (ખર્ચ) ની સમિતિ નક્કી કરશે.

- વિવિધ સંવર્ગની ૮૭૪ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવી રહેલ છે.

- તે ઉપરાંત, પોલીસ સ્ટેશન કક્ષાએ આધુનિક technology નો મહત્તમ ઉપયોગમાં લેવાના હેતુથી ૬૫૦ પોલીસ સ્ટેશનોમાં Information Technology (IT) Expert ની જગ્યા ઉભી કરવામાં આવી રહેલ છે. એટલે કે પોલીસ સ્ટેશન દીઠ એક એકસપર્ટની જગ્યા ઉભી થશે. જેથી કરીને દેરક પોલીસ સ્ટેશન પણ ટેકનોલોજી ઓફેન્સની તપાસ કરવાની ક્ષમતા વધારી શકાય. ઈ–ગુજકોપનો મહત્તમ ઉપયોગ કરીને પોલીસ સ્ટેશનની રોજીંદી કામગીરીમાં કરી શકાય.

**2.0** **ગ્રામ સુરક્ષા કવચ યોજના (GSKY)** રાજય અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યરત આઉટપોસ્ટમાં ASI / હેડ કોન્સ્ટેબલ હોય છે. તેની સાથે ૩–૪ કોન્સ્ટેબલ હોય છે. પરંતુ તેમની પાસે વાહન અને ઉચ્ચ અધિકારીઓનું નેતૃત્વ ન હોય, તપાસની ગુણવત્તામાં સુધારો કરવો જરૂરી લાગેલ છે.

સમગ્ર રાજ્યની ૬૧૬ આઉટપોસ્ટ માંથી માપદંડના આધારે પસંદ કરેલ ૨૦૦–Police Out Posts માટે ૧–PSI, ૧–પોલીસ કોન્સટેબલની જગ્યા માટે રૂ.૧૭.૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી રહેલ છે. આ જોગવાઈથી ગ્રામ્ય વિસ્તારના લોકોને ફાયદો થશે. આમ, જે લાગણી, ચિંતા, રજુઆત આપ સર્વે ગૃહના સભ્યો તરફથી મળતી હતી. તે અમે અનેક બેઠકો કરીને સમીક્ષા કરીને કાર્યવાહી કરી છે.

સદર યોજનાથી ગ્રામ્ય વિસ્તારોમાં ઉચ્ચ અધિકારી પોલીસની હાજરી, કામગીરીની ગુણવત્તામાં વધારો, સામાજીક સંવાદિતા (social harmony) તથા કાયદો અને વ્યવસ્થાની અસરકારક જાળવણી થઈ શકશે. આ માટે કૂલ–૪૦૦ નવી જગ્યાઓ મંજુર કરેલ છે.

**3.0 ત્રિશૂળ યોજના :** સમગ્ર દેશમાં Information & Communication Technology (ICT)ના ક્ષેત્રમાં થયેલ પ્રગતિના અને ગુજરાત સરકારના e-Governance Initiativesના કારણે દરેક ક્ષેત્રોમાં technologyનું મહત્તમ ઉપયોગ થઈ રહેલ છે.

વધતી online financial crimes અને અન્ય પ્રકારના cybercrimes ને ધ્યાને લઈ રાજ્ય પોલીસમાં અધિક પોલીસ મહાનિદેશક કક્ષાના અધિકારીના નેતૃત્વ હેઠળ નવા Cybercrime Divisionની રચના કરી છે. તેના માટે ત્રિશૂળ યોજના હેઠળ રૂ.૧૫.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ ફરીયાદો લેવા

માટે Call Centerની રચના, Cybercrime Experts ની નિમણૂક અને ગુના તપાસ માટેની ક્ષમતા વધારવા અંગે આયોજન કરવામાં આવી રહેલ છે.

તે ઉપરાંત security Equipment, Office Automation Tools, BDDS Equipment, Investigation Support Systems અને અન્ય પોલીસ આધુનીકરણ માટે વિવિધ સંસાધનો વસાવવા રૂ.૬૨.૩૯ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

**4.0 SUGAM:** અમદાવાદ શહેર, સુરત શહેર, વડોદરા શહેર અને રાજકોટ શહેરમાં વાહન વ્યવહાર સુચારૂ રૂપે ચાલે, માર્ગ અકસ્માતોના બનાવો ઘટે અને શહેરી વિસ્તારોમાં રહેતા લોકોના સલામતી અને સુરક્ષામાં વધારો થાય તે માટે **SUGAM: Urban Mobility and Safety Infrastructure development Project માટે રૂ.૫૭.૦૦ કરોડની બજેટ જોગવાઈ** કરવામાં આવેલ છે.

ઝડપથી વધતી શહેરીકરણને ધ્યાને રાખી રાજયના મહાનગરોમાં mobility and safety infrastructure ને વધુ સુદ્રઢ કરવાની જરૂરીયાતને ધ્યાને રાખી ૧,૦૦૦ ટ્રાફીક પોલીસની જગ્યાઓ, આધુનિક તકનિકી સાધનો અને અન્ય જરૂરી પરિબળો ઉપલબ્ધ કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

**5.0 Response Time :** આપણા મુખ્યમંત્રીશ્રીનો નિર્ધાર હતો કે રાજયના નાગરીકને કોઈપણ આપતીના સમયે તાત્કાલિક પોલીસ

સેવા ઉપલબ્ધ થાય એટલે કે ચોક્કસ રીસ્પોન્સ ટાઈમમાં પોલીસ ઘટના સ્થળ પણ આવી જાય.

- રાજ્યમાં બનતા અપરાધિક બનાવો, માર્ગ અકસ્માતો અને અન્ય ઘટનાઓ અંગે આધુનિક ટેકનોલોજીના મદદથી Dial 112 ઉપર માહિતી મેળવી, વ્યુહાત્મક સ્થળોએ ૧,૦૦૦–'જનરક્ષક'First Responder Vehicles ને તૈનાત કરી શહેરી વિસ્તારમાં ૧૦ મિનિટ––અને ગ્રામ્ય વિસ્તારોમાં ૩૦મિનિટની અંદર પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી શકે તે મુજબની વ્યવસ્થા ગોઠવવા **જન રક્ષક : Integrated Emergency Response System યોજના માટે ૩.૯૪.૦૦ કરોડની જોગવાઈ** કરવામાં આવેલ છે.
- સદર યોજના હેઠળ અત્યાધુનિક Call Center તથા GPS, Mobile Data Terminal (MDT) અને આધુનિક સંદેશાવ્યવહાર વ્યવસ્થાથી સુસજ્જિત વાહનોનો અને વિશેષ તાલીમ મેળવેલ પોલીસ અધિકારીઓને તૈનાત કરવામાં આવશે.

**6.0: Special Action Force (SAF)** : રાજ્યમાં શાંતી અને સુવ્યવસ્થા બની રહે તે માટે કોમી તોફાનો (communal riots) તથા હિંસાત્મક બનાવો (incidents of violence) અંગે રાજ્ય સરકાર દ્ધારા zero tolerance approach થી કામ કરવામાં આવી રહેલ છે. જેના ભાગરૂપે SRPF, જૂથ–૨ અમદાવાદની ૧– કંપનીને Special Action Force (SAF) તરીકે વિકસાવવા ૩.૨૪.૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. સદર યોજના હેઠળ કોઈપણ પરિસ્થિતિને નિયત્રંણ

કરવા માટે ખાસ મહેકમ, આધુનિક Anti-Riot Kits, વજ્ર (Automatic Tear Smoke Launch Vehicle), વરૂણ (Water Cannon Vehicle) વિગેરેથી સુસજ્જિત કરવામાં આવશે.

**7.0** **અન્ય:-** Police Mobility અને Visibility વધારવાના હેતુથી જુદાજુદા પ્રકારના ૫૫૧ વાહનો ખરીદવા માટે રૂ.૫૧.૬૭ કરોડ કરવામાં આવેલ છે.

**8.0** ગૃહ વિભાગ હેઠળના જુદા–જુદા એકમો માટે રહેણાંકના મકાનો અને બિન રહેણાંકના મકાનોની ખાસ મરામત માટે રૂ.૬૦.૦૦ કરોડની જોગવાઈ (Special Repairs) તથા નવા રહેણાંક અને બિન રહેણાંકના મકાનો માટે રૂ.૪૪.૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

- આ ગૃહના સભ્યોને વિનંતી કરૂ છું કે ઘરનું મકાન બાંધવું હોય અને તેની ગુણવત્તા કેવી હોવી જોઈએ તે જોવું હોય તો અમારા ગુજરાત પોલીસ હાઉસીંગ કોર્પોરેશને તૈયાર કરેલ મકાનો જોઈ લો.

# (૪) નવા કાયદાઓ

**( ભારતીય ન્યાય સંહીતા ( આઈપીસી રીપ્લેસ) , ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (સીઆરપીસી રીપ્લેસ ), ભારતીય સાક્ષ્ય અધિનિયમ ( એવીડેન્સ એકટ રીપ્લેસ )**

- માનનીય વડાપ્રધાનશ્રી તેમજ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીના નેતૃત્વમાં ઘણા નિર્ણાયક અને મહત્વપૂર્ણ પગલા લેવામાં આવેલ છે. જેમકે સંવિધાનના આર્ટીકલ ૩૭૦ ને નાબુદ કરવો, ટ્રીપલ તલાકને નાબુદ કરવા, બ્રિટીશ સમયની શિક્ષણ પદ્ધતિમાં સુધારો કરવો , આવું જ અન્ય એક કાર્ય બ્રિટીશ સમયની ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમના ત્રણ કાયદા IPC, CRPC અને ભારતીય પુરાવા અધિનિયમના બદલે ત્રણ નવા કાયદા ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા તેમજ ભારતીય સાક્ષ્ય અધિનિયમ લાવવાનું છે. જે આપણા માટે ગૌરવની બાબત છે. તેમજ અમૃત કાળના નવા યુગની શરૂઆત કરે છે.

❖ **નવા કાયદાની મુખ્ય વિશેષતાઓ:**

- જુના કાયદાઓ અને હાલના કાયદાઓ વચ્ચેનો તફાવત એ છે કે અગાઉના કાયદાઓ બ્રિટિશ શાસનને મજબૂત કરવા અને રક્ષણ આપવા માટે બનાવવામાં આવ્યા હતા અને તેમનો હેતુ ન્યાય આપવાનો નહીં પણ સજા કરવાનો હતો. ત્રણેય જૂના કાયદાઓ ગુલામીની નિશાનીઓ હતી.

- આ ત્રણ નવા કાયદાઓનો હેતુ ભારતીય નાગરિકોને બંધારણે આપેલા તમામ અધિકારોનું રક્ષણ કરવાનો રહેશે. આ નવા કાયદાઓનો ઉદ્દેશ્ય કોઈને સજા કરવાનો નથી પરંતુ ન્યાય અપાવવાનો છે અને આ પ્રક્રિયામાં ગુનાને અટકાવવાની ભાવનાથી જરૂર હશે ત્યાં સજા આપવામાં આવશે.

| ભારતીય ફોજદારી ધારો – ૧૮૬૦ | | ભારતીય ન્યાય સંહિતા – ૨૦૨૩ | |
|---|---|---|---|
| કુલ કલમો | ૫૧૧ | કુલ કલમો | ૩૫૮ |
| કુલ પ્રકરણ | ૨૩ | કુલ પ્રકરણ | ૨૦ |
| | | | |
| ફોજદારી કાર્યરીતિ – ૧૯૭૩ | | ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા –૨૦૨૩ | |
| કુલ કલમો | ૪૮૪ | કુલ કલમો | ૫૩૧ |
| કુલ પ્રકરણ | ૩૭ | કુલ પ્રકરણ | ૩૯ |
| | | | |
| ભારતીય પુરાવા અધિનિયમ – ૧૮૭૨ | | ભારતીય સાક્ષ્ય સંહિતા – ૨૦૨૩ | |
| કુલ કલમો | ૧૬૭ | કુલ કલમો | ૧૭૦ |
| કુલ પ્રકરણ | ૧૧ | કુલ પ્રકરણ | ૧૨ |

## ❖ ભારતીય ન્યાય સંહિતા (BNS) 2023ની મુખ્ય બાબત:

- IPCના બદલે આ કાયદો લાવેલ હોય, આ કાયદામાં શિક્ષાની જોગવાઈ છે.
- ભારતીય ફોજદારી ધારામાં કુલ ૫૧૧ કલમો હતી, હવે બીએનએસમાં કુલ ૩૫૮ કલમો છે. જેમા ૮ નવી કલમો ઉમેરવામા આવેલ છે જેમા મુખ્ય;
- (કલમ ૧૧૧) સંગઠિત ગુના અંગેની, (organised crime)
- (કલમ ૧૧૨) નાના સંગઠિત ગુના તરીકે (Petty organised crime)
- (કલમ ૧૧૩) આતંકવાદના ગુના તરીકે. (Terrorist act)
- (કલમ ૨૨૬) કોઈ પણ જાહેર સેવકને તેની સત્તાવાર ફરજ બજાવતા અટકાવવા દબાણ કરવાના ઈરાદાથી આત્મહત્યા કરવાનો પ્રયાસ કરવો. (attempt to commit suicide with intent to compel, restraint any public servant for discharging his official duty)

## ❖ મુખ્ય ફેરફારો:

- મહિલાઓ અને બાળકો સામેના ગુનાઓ બાબતે નવું પ્રકરણ.૫ રજૂ કરવામાં આવ્યું છે. બળાત્કાર, સ્ત્રીઓની અંગત ક્રિયાઓ છુપાઈને જોવી (voyeurism), સ્ત્રીઓનો પીછો કરવો (stalking) અને

મહિલાઓની ગરિમાનું અપમાન કરવા ગેંગરેપ અંગેની સજાની જોગવાઈમાં વધારો કરવામાં આવેલ છે.

- કલમ ૧૧૬ હેઠળ ગંભીર ઈજાની વ્યાખ્યામાં, ગંભીર ઈજામાં શારિરીક પીડા અને કામ કરવા અશક્તિમાન રહે તેવા દિવસોને ૨૦ દિવસથી ઘટાડીને ૧૫ દિવસ કરવામાં આવ્યા છે, તે ખરેખર સારવારના સમયગાળાને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવેલ છે.
- કલમ ૧૧૩ માં આતંકવાદી કૃત્યનો ગુનો દર્શાવેલ છે. જુના કાયદામા આતંકવાદની કોઈ વ્યાખ્યા ન હતી, જ્યારે ભારતીય ન્યાય સંહિતામા સશસ્ત્ર વિદ્રોહ, વિધ્વંસક પ્રવૃત્તિઓ, અલગતાવાદ, ભારતની એકતા, સાર્વભૌમત્વ અને અખંડિતતાને પડકારવા જેવા ગુનાઓને આ નવા કાયદામાં પ્રથમ વખત વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.

## ❖ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (BNSS)ની મુખ્ય વિશેષતાઓ :

- CrPCના બદલે આ કાયદો આવેલ હોય, તેમાં પોલીસ તપાસ / કોર્ટ કાર્યવાહીની પદ્ધતિ દર્શાવી છે.
- જાતીય હિંસાના કેસોમાં પીડિતાનું નિવેદન ફરજિયાત કરવામાં આવ્યું છે અને જાતીય સતામણીના કેસોમાં નિવેદનનું વીડિયો રેકોર્ડિંગ પણ ફરજિયાત કરવામાં આવ્યું છે.
- ૧૭૩(૩)(i) હેઠળ પ્રાથમિક તપાસ અંગેની જોગવાઈ કરી છે, જેના દ્વારા પોલીસને પ્રાથમિક તપાસનો અવકાશ મળી રહે છે. એફ.આઈ.આર. દાખલ ન કરવા અંગે કોર્ટ દ્વારા અનેક પ્રશ્નો ઉભા કરવામાં આવ્યા હતા.
- વિડિયોગ્રાફીને ઝડતી અને જપ્તીના સમયે ફરજિયાત બનાવવામાં આવી છે.
- પ્રાથમિક તપાસ પોલીસે ૧૪ દિવસના સમયગાળામાં પૂર્ણ કરવાની રહેશે. કેસ કમીટ થયા પછીની તારીખથી ૬૦ દિવસની સમય મર્યાદામાં આરોપી દ્વારા ડીસ્ચાર્જ અરજી દાખલ કરવાની રહેશે. તહોમતનામાની પ્રથમ સુનાવણીની તારીખથી ૬૦ દિવસની સમય મર્યાદામાં કોર્ટ દ્વારા તહોમતનામું ફરમાવવાનું રહેશે. કેસની આખરી

દલીલો પૂર્ણ થયા બાદની તારીખથી ૩૦ દિવસની સમય મર્યાદામાં ચુકાદો જાહેર કરવાનો રહેશે.

- આમ નવા કાયદા મુજબ ગુનાની તપાસ તેમજ ન્યાયિક કાર્યવાહી ઝડપી બની રહે તેની ખાસ કાળજી લેવામાં આવે છે જેથી નાગરીકોના માનસ ઉપર અંકિત થયેલ કોર્ટ કચેરીની "તારીખ પે તારીખ" ની છબી દુર થઇ શકશે.
- ફોરેન્સિક તપાસઃ ૭ વર્ષ કે તેથી વધુની સજાની જોગવાઈ ધરાવતા ગુનાઓમા બનાવના સ્થળે ફોરેન્સિક ટીમની મુલાકાત ફરજિયાત બનાવવામાં આવેલ છે.
- ઈ–એફઆઈઆર કલમ ૧૭૩(૧)(૨)ની જોગવાઈ પ્રથમ વખત ઉમેરવામાં આવી છે.

## ❖ ભારતીય સાક્ષ્ય સંહિતા 2023 ની મુખ્ય બાબત, (BSS)

- ➢ આ કાયદો Evidence Actના બદલે આવેલ હોય, તેમાં પુરાવાની વિગતો દર્શાવી છે.
- ➢ આ કાયદાને અમલમાં મૂકવા પાછળનું કારણ એ છે કે પ્રવર્તમાન ભારતીય પુરાવા ધારો પાછલા દાયકાઓની ટેક્નોલૉજિકલ પ્રગતિઓ અને સામાજિક પરિવર્તનો સાથે કદમ મિલાવી શક્યો નથી.
- ➢ અગાઉની ૧૬૭ કલમોને બદલે હવે ભારતીય સાક્ષ્ય સંહિતાની ૧૭૦ કલમો છે. એક નવી કલમ ૬૧ ઉમેરવામાં આવી છે અને ૫ કલમો રદ કરવામાં આવી છે.

- **મુખ્ય જોગવાઈઓઃ**

- ➢ નવો કાયદો કલમ ૨(સી) માં દસ્તાવેજોની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જેમાં ઇલેક્ટ્રોનિક અથવા ડિજિટલ રેકોર્ડ્સ, ઇ-મેઇલ, સર્વર લોસ, કમ્પ્યુટર્સ, સ્માર્ટ ફોન્સ, લેપટોપ, એસએમએસ, વેબસાઇટ્સ, લોકેશનલ પુરાવા, મેઇલ્સ, ઉપકરણો પરના સંદેશાઓનો સમાવેશ થાય છે.

- ➢ આ નવા કાયદામાં એફઆઈઆરથી લઈને કેસ ડાયરી, કેસ ડાયરીથી લઈને ચાર્જશીટ અને ચાર્જશીટથી લઈને ચુકાદા સુધીની સમગ્ર પ્રક્રિયાને ડિજિટાઈઝ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.
- રાજ્ય સરકારે આ ત્રણેય કાયદાના આપણા ગુજરાત રાજયમાં અમલીકરણ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનવવાની વિચારણા કરી છે. આ સમિતિ આ નવા કાયદાઓને લાગુ પાડવા માટે આયોજન કરશે.

# (૫) મહીલા સુરક્ષા

## મહિલા વિરૂધ્ધના ગુનામાં ગુજરાતની સ્થિતિ

| વિગત | રિમાર્ક્સ |
|---|---|
| વર્ષ 2022 માં મહિલાઓ વિરૂધ્ધના ગુનામાં (Crimes Against Women) ગુજરાતનો ક્રાઈમ રેટ | 22.9 |
| ઓલ ઈન્ડિયાના ક્રાઈમ રેટ | 66.4 |
| ૩૬ રાજ્યો/યુટીમાં મહિલાઓની વસ્તીમાં ગુજરાતનો ક્રમ | 8 |
| મહિલાઓ વિરૂધ્ધના ગુનાના ક્રાઈમ રેટમાં ગુજરાતનું સ્થાન | 33 |

## મહિલા વિરૂધ્ધના ગુનામાં અન્ય રાજ્યોનો ક્રાઈમ રેટ

| રાજ્ય | ક્રાઈમ રેટ |
|---|---|
| દિલ્હી | 144.4 |
| હરીયાણા | 118.7 |
| તેલંગાણા | 117.0 |
| રાજસ્થાન | 115.1 |
| ઓરીસ્સા | 103.3 |
| આંધ્રપ્રદેશ | 96.2 |

## ❖ મહિલા વિરૂધ્ધના ગુના નિયંત્રણમાં રહેવાના ચોક્કસ કારણો :-

| ક્રમ | વિગત | રિમાર્કસ |
|---|---|---|
| ૧ | મોનીટરીંગ સેલ | અધિક મુખ્ય સચિવ શ્રી (ગૃહ)ના અદ્યક્ષ સ્થાને એક મોનીટરીંગની સેલની રચના કરવામાં આવેલ છે. જેથી રાજ્યમાં હાઇ લેવલથી મોનીટરીંગ થવાના કારણે આવી તપાસમાં ખુબ જ ગંભીરતાથી કોર્ટ નિકાલ સુધી પોલીસ એક્ટીવ રહે છે. |
| ૨ | ડાયરેકટર ઓફ પ્રોસીક્યુશન | વિશિષ્ટ જગ્યા ઉભી કરવામાં આવેલ છે. |
| ૩ | સ્પેશીયલ પી.પી. | આવા ગુનામાં વધુમાં વધુ આરોપીઓને સજા થાય તે હેતુથી સ્પેશીયલ પી.પી.ની નિમણુંક કરવામાં આવે છે. |
| ૪ | સ્પેશીલ કોર્ટ/ ફાસ્ટેક કોર્ટમાં | મહિલા વિરૂધ્ધના ચર્ચાસ્પદ બનાવોમાં સ્પેશીલ કોર્ટ/ ફાસ્ટેક કોર્ટમાં આવા કેસ ઝડપથી ટ્રાયલ પુરી કરી આરોપીઓને મહત્તમ સજા થાય તેવા તમામ પ્રયત્નો કરી સમાજમાં દાખલો બેસાડી આવા ગુના કરતા ઇસમોમાં એક ભયનો માહોલ ઉભો થાય છે |
| ૫ | ભારત સરકારના વર્ષ 2018માં આવેલા ક્રીમીનલ એમેન્ડમેન્ટ એકટના નવા સુધારા | નવા સુધારાને કારણે આવા કેસોમાં આરોપીને ફાંસીની સજા આપવા સુધીની જોગવાઇ કરવામાં આવેલ છે. જેથી આવા ઇસમોને કાયદાનો ડર બેસે છે અને સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ બેસાવાના કારણે ગુનાઓમાં અંકુશ થયેલ છે. |
| ૬ | ‘‘અભયમ’’ મહિલા હેલ્પ | રાજ્યના તમામ શહેર/જીલ્લામાં મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત છે. જેમાં છેડતી કે અન્ય કોઇ હિંસાનો ભોગ બનેલ મહિલા ફોન કરી |

| | | |
|---|---|---|
| | લાઈન '૧૮૧' – ૨૪/૭ | ત્વરીત સહાય મેળવી શકે છે. આ મહિલા હેલ્પ લાઈનની યોજના અમલથી આજદીન સુધી આશરે ૯૮ લાખ કોલ્સ આવેલ છે, તેમજ મહિલાઓએ વિવિધ સેવા મેળવેલ કોલ ૧૩.૫૦ લાખ છે. |
| ૭ | SHE TEAM | – રાજયમાં મહિલાઓની સુરક્ષાને પ્રાધાન્ય મળે અને છેડતી, બાળાત્કાર,જાતીય સતામની વિગેરે જેવા ગુનાઓ ઉપર અંકુશ મેળવવા તથા રાજયમાં મહિલાઓના પ્રશ્નોને ત્વરીત વાચા મળે તેવા ઉદ્દેશ સાથે "SHE TEAM" નુ આયોજન કરવામા આવેલ છે.<br>– ગુજરાત રાજયના કુલ ૭૪૮ પોલીસ સ્ટેશનોમાં શી–ટીમ રચના કરી છે. |
| ૮ | Women Help Desk (WHD) | દરેક મહિલા નિર્ભય રીતે પોલીસમાં ફરીયાદ/રજુઆત નોંધાવી શકે તથા કાયદાકીય સલાહ મેળવી શકે તથા મહિલા પોલીસ અધિકારી દ્વારા સંવેદના સભર રીતે ગુનાની યોગ્ય તપાસ થાય અને આરોપીઓને કડક સજા થઇ શકે તે માટે ૬૮૪ પોલીસ સ્ટેશનમાં Women Help Desk (WHD)ની રચના કરવામાં આવેલ છે, જેમા ત્રણ શીફ્ટમાં મહિલા પોલીસ સ્ટાફ ૨૪*૭ કાર્યરત છે. |

| | | |
|---|---|---|
| ૯ | ITTSO પોર્ટલ | મહિલા અને બાળકો ને લગત બનાવોમા યોગ્ય રીતી ફરીયાદ થાય, તપાસ સત્વરે પુર્ણ થાય, સમયસર ચાર્જશીટ ફાઇલ થાય,એફ.એસ.એલ.ના રીપોર્ટ તુરત જ મળી રહે,પેરવી ઓફિસરની નિમણુક , FAST TRACK COURT માં કેસ ચલાવવા બાબતે ..... એમ તમામ કાર્યવાહીનુ મોનીટરીંગ પોર્ટલના માઘ્યમ થી "સ્ટેટ લેવલની કમીટી" દ્વારા અસરકારક કરવામા આવે છે. |
| ૧૦ | સીનીયર સીટીજન સેલની કામગીરી | – ગુજરાત સરકારના 'CITIZEN PORTAL, GUJARAT POLICE' પોર્ટલ તથા Citizen first App તથા હેલ્પ એઈઝ ઇન્ડીયા હેલ્પ લાઇન નંબર ૧૪૫૬૭ ઉપર પણ સીનીયર સીટીઝન્સની નોંઘણીની વ્યવસ્થા છે.<br>– "નમન આદર અને અપનાપન" વ્યવસ્થા અન્વયે ૬૫ વર્ષથી ઉપરની વયના એકલા રહેતા સીનીયર સીટીઝન પ્રત્યે વિશેષ ઘ્યાન આપી, જરૂરી મદદ ત્વરીત ઉપલબ્ઘ થાય તે માટે કામગીરી કરવામાં આવે છે. |
| ૧૨ | ચાઇલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન/બાળ કોર્નર | ગુજરાત રાજ્યમાં કુલ-૪૧૭ પોલીસ સ્ટેશનોમા ચાઇલ્ડ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન/બાળ કોર્નર કાર્યરત છે. |

# ખુબ ટુકા સમય ગાળામાં ફાંસી/આજીવન કેદની સજા પામેલાની માહિતી

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | ચાર્જશીટનો સમય | સજાની વિગત | કોર્ટ કાર્યવાહીનો સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | પાંડેસરા | ૧૦ દિવસ | ફાંસીની સજા | ૨૨ દિવસ |
| ૨ | સાંતેજ (ગાંધીનગર) | ૧૦ દિવસ | અંતિમ શ્વાસ સુધી આજીવન કારાવાસની સજા | ૨૬ દિવસ |
| ૩ | સચીન જીસી.ડી.આઇ. | ૯ દિવસ | આજીવન કેદની સજા | ૨૮ દિવસ |
| ૪ | નીલમબાગ (ભાવનગર) | ૨૪ કલાકમાં | આજીવન કારાવાસ સજા | ૫૨ દિવસ |
| ૫ | ગોંડલ | ૧૫ દિવસ | આજીવન કેદની સજા | ૫૩ દિવસ |
| ૬ | અમરોલી | ૪૫ દિવસ | ૨૦ વર્ષની કેદ | ૭૯ દિવસ |
| ૭ | કામરેજ | ૯ દિવસ | ફાંસીની સજા | ૮૨ દિવસ |
| ૮ | પુણે | ૧૪ દિવસ | મુત્યુ દંડની સજા | ૯૦ દિવસ |
| ૯ | હજીરા | ૩૮ દિવસ | અંતિમ શ્વાસ સુધી આજીવન કારાવાસની સજા | ૬ માસ ૨૦ દિવસ |
| ૧૦ | સલાબતપુરા | ૩૧ દિવસ | આજીવન કેદની સજા | ૭ માસ |
| ૧૧ | સીંગણપોર | ૨૯ દિવસ | ૨૦ વર્ષ સુધીની કેદની સજા | ૨૭૧ દિવસ |
| ૧૨ | અમરોલી | ૨૯ દિવસ | ૨૦ વર્ષની સખ્ત કેદ | ૧૦ માસ |
| ૧૩ | ખટોદરા | ૨૮ દિવસ | ૭ વર્ષની કેદની સજા | ૧૦ માસ ૨૦ દિવસ |
| ૧૪ | પાંડેસરા | ૧૪ દિવસ | ફાંસીની સજા | ૧૧ માસ |
| ૧૫ | સચીન જી.સી.ડી.આઇ. | ૨૪ દિવસ | આજીવન કેદની સજા | ૧ વર્ષ ૪ માસ |
| ૧૬ | કાપોદ્રા | ૨૫ દિવસ | ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૨૫,૦૦૦ -/ દંડની સજા | ૨૧ માસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | સચીન જી.સી.ડી.આઇ. | ૨૫ દિવસ | આજીવન કેદની સજા | ૧ વર્ષ ૧૧ માસ |
| ૧૮ | જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન | ૪૫ દિવસ | ફાંસીની સજા તથા ૫,૦૦૦ રૂપિયા દંડ | ૨૩ માસ ૨૮ દિવસ |
| ૧૯ | સચીન જી.સી.ડી.આઇ. | ૫૫ દિવસ | આજીવન કેદની સજા | ૨ વર્ષ ૧૦ માસ |
| ૨૦ | પાંડેસરા | ૩ માસ | ફાંસીની સજા | ૩ વર્ષ ૭ માસ |
| ૨૧ | પાંડેસરા | ૧૩ (તેર) દિવસમાં | ફાંસીની સજા | ૩૬૧ દિવસ |
| ૨૨ | સુરત શહેર, ચોકબજાર | ૯ દિવસ | ફાંસીની સજા | ૬૯ દિવસ |
| ૨૩ | સચિન પોસ્ટે . | ૧૧ દિવસ | ફાંસીની સજા | ૨ માસ ૨૩ દિવસ |
| ૨૪ | ખેડા માતર પોસ્ટે . | ૫૨ દિવસ | ફાંસીની સજા અને ૫૦,૦૦૦ દંડ | ૧ વર્ષ |
| ૨૫ | ખેડા કઠલાલ પોસ્ટે . | ૩૮ દિવસ | ફાંસીની સજા અને ૭૫,૦૦૦ દંડ | ૧૧ માસ ૭ દિવસ |
| ૨૬ | ગાંધીનગર સાંતેજ પોસ્ટે . | ૨૫ દિવસ | ફાંસીની સજા | ૧ વર્ષ ૪ માસ ૧૪ દિવસ |
| ૨૭ | બનાસકાંઠા દાંતીવાડા પોસ્ટે . | ૫૬ દિવસ | ફાંસીની સજા | ૧ વર્ષ ૪ માસ ૧૧ દિવસ |
| ૨૮ | સુરત ગ્રામ્ય પલસાણા પોસ્ટે . | ૪૬ દિવસ | ૦૧ ને ફાંસીની સજા ૦૧ આજીવન કેદ – | ૧૧ માસ ૦૯ દિવસ |
| ૨૯ | વલસાડ વાપી ટાઉન પોસ્ટે . | ૪૫ દિવસ | મોતની સજા અને ૧૭,૦૦૦ દંડ | ૨ વર્ષ |

- કૂલ–૨૯ કેસોમાં ખુબ ઓછા સમયમાં આજીવન કેદ, ફાંસીની સજા ફરમાવી છે. કૂલ ૧૦ કેસમાં આજીવન કેદ અને ૧૪ કેસમાં ફાંસીની સજા આપેલ છે.

# (૬) મીસીંગ ચાઈલ્ડ કામગીરી

## ❖ મીસીંગ સેલ દ્વારા કરવામાં આવેલ અગત્યની કામગીરીની વિગતઃ

- પહેલા કોઈ બાળક ગુમ થયેલ હોય ત્યારે ગુમ/જાણવા જોગ નોંધી તેને શોધવા માટે તપાસ કરવામાં આવતી હતી. ત્યારબાદ સુપ્રીમ કોર્ટના આદેશાનુસાર, ૦ થી ૧૮ વર્ષનો બાળક ગુમ થાય ત્યારે ગુનો નોંધી તપાસ કરવામાં આવે છે.
- ગુમ/અપહરણ થયેલ બાળકોને શોધવા સારૂ ભારતના તમામ રાજ્યમાં બાળકોની માહિતી મળી રહે તે સારૂ રાષ્ટ્ર લેવલની www.trackthemissingchild.gov.in વેબસાઇટનું સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવે છે. આ વેબસાઇટમાં શહેર/જીલ્લાઓમાં ગુમ/અપહરણ થયેલ બાળકોની એન્ટ્રી કરવામાં આવે છે.
- સમગ્ર ભારતમાં બાળકો વિરૂધ્ધનાગુનામાં ગુજરાતનો ક્રમાંક ૨૭મો છે.

## ❖ બાળકો શોધવા અંગેની ખાસ ઝુંબેશ:

- ઓપરેશન સ્માઈલ, ઓપરેશન મુસ્કાનની સફળતા બાદ ગુજરાત સરકારનાં સી.આઇ.ડી.ક્રાઇમ તરફથી તમામ શહેર/જીલ્લામાં બાળકો શોધવા માટે સમયાંતરે ડ્રાઇવ રાખવામાં આવે છે. જેમાં વર્ષ–૨૦૨૩ માં કૂલ–૭૫૧ બાળકો શોધેલ છે.
- ગુજરાત રાજ્યમાં વર્ષ–૨૦૦૭ થી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં કુલ–૫૯,૦૪૮ ગુમ/અપહરણ, કુલ–૫૬,૫૮૫ પરત મળેલ છે. જેથી બાળકો શોધવાની ટકાવારી ૯૫.૮૩% છે.

## (૭) ડ્રગ્સને અટકાવવા થયેલ કામગીરી

- ગુજરાત પાસે ૧૬૦૦ કિલો મીટરથી વધુનો દરિયાકિનારો છે જે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા–રેખાની ખૂબ નજીક છે.
- પડોસી દેશ પાકિસ્તાનના હેરોઈન કાર્ટેલ્સ(સંગઠનો) દ્બારા કેફી દ્રવ્યો તથા પ્રતિબંધીત નશીલા પદાર્થોની ગુજરાતના દરિયાકાંઠેથી ભારતમાં ઘુસણખોરી કરાવવા અવારનવાર પ્રયત્નો કરવામાં આવે છે જે તમામ કન્સાઈનમેન્ટ સફળતાપૂર્વક જપ્ત કરી ગુજરાત પોલીસ દ્બારા આવા નાપાક ઈરાદાઓને નિષ્ક્રીય કરવામાં ગુજરાત પોલીસ અન્ય એજન્સીઓના સંકલનમાં રહીને ખુબ જ સક્રીય રીતે કામગીરી કરી રહી છે.
- ડ્રગ્સની બદી નાબુદ કરવા રાજ્યમાં NDPS Act હેઠળ દાખલ થતા ગુન્હાઓમાં બાતમીદારો તથા પોલીસને પ્રોત્સાહન મળે તે સારૂ રિવોર્ડ પોલીસી જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ–૪ કેસોમાં રીવોર્ડ આપવામાં આવેલ છે.
- આ ઉપરાંત ગુજરાત રાજયમાં નશીલા પદાર્થો તથા માદક દ્રવ્યોનુ ઉત્પાદન, હેરાફેરી, વેચાણ, સંગ્રહ તથા સેવનની પ્રવૃતિ અસરકારક રીતે અટકાવવા સારુ રાજય સરકાર તરફથી ટોલ ફ્રી નંબર–૧૯૦૮ શરૂ કરવામાં આવેલ છે. જેમાં આજદિન સુધી ૧૪૬ કોલ આવેલ છે.

- ડ્રગ્સના સેવનથી થતી હાનિકારક અસરો બાબતે જન જાગૃતિ ફેલાવવા પ્રયત્ન કરવામાં આવી રહેલ છે તેમજ સોશ્યલ મીડીયા દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરવામાં આવી રહેલ છે.
- ગુજરાત પોલીસે વર્ષ - ૨૦૨૩માં NDPS Act હેઠળ ૫૫૮–ગુન્હા દાખલ કરી કુલ– ૭૪૨ આરોપીઓ પકડી અંદાજે ૧૫૧૪ કરોડ રૂપિયાનો મુદ્દામાલ પકડી સમગ્ર દેશમાં નાર્કોટીક્સના દુષણથી દેશના યુવાધનને બચાવવા માટેનો એક સંનિષ્ઠ પ્રયાસ કરી રહેલ છે.
- ડ્રગ્સની બદી નાબુદ કરવા PIT NDPS મુજબ આરોપીઓ વિરૂધ્ધ અટકાયતી પગલા લેવામાં આવે છે. જેના ભાગ રૂપે કુલ–૨૦ આરોપીઓની અટકાયત કરવામાં આવેલ છે.

## ગુજરાત ATS, NCB દિલ્હી તથા ક્રાઇમ બ્રાન્ચ સુરત શહેરના સંયુક્ત ઓપરેશન

- ગુજરાત એ.ટી.એસ.ને ગુપ્ત બાતમી મળેલ કે, પાકિસ્તાનનો કુખ્યાત ડ્રગ્સ માફીયા હાજી અનવર કે જેનું પાકિસ્તાનમાં ખૂબ પ્રભુત્વ છે તે બોટ મારફતે ગુજરાતના દરીયા કિનારે ડ્રગ્સ ઉતારેલ છે.
- જે બાતમી હકીકત આધારે ગુજરાત એ.ટી.એસ., એન.સી.બી. દિલ્હી તથા ક્રાઇન બ્રાન્ચ સુરત શહેરના સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન ૩૦.૬૬ કિલો હેરોઈન, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિં રૂ.૨૧૪.૬૨ કરોડની થાય છે, જે જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# સુરતનો પાંડી બ્રધર્સનો કેસ

- અનિલ વૃંદાવન પાંડી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ મુજબ કુલ ૧૧ અને સુનિલ વૃંદાવન પાંડી વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટ ૧૯૮૫ મુજબ કુલ ૦૨ ગુન્હા દાખલ કરવામાં આવેલ છે.
- આ આરોપીઓના નામે મોટી સંખ્યામાં સ્થાવર અને જંગમ મિલકતો ખરીદેલ છે તમામ પ્રોપર્ટીઝ નાર્કોટિક્સ સબસ્ટન્સના ગેરકાયદેસર વેચાણમાંથી મળેલા નાણાંમાંથી ખરીદવામાં આવી હોય ગુજરાત પોલીસ દ્વારા ઓડિશા એસટીએફના પરામર્શમાં ૨.૦૯ કરોડની સ્થાવર અને ૨૬ લાખની જંગમ મિલ્કત જપ્ત કરેલ છે.

આ માનનીય સભાગૃહના સભ્યો જે જણાવવાનું કે.................

ડ્રગ્ઝ સામેના કેસોમાં સરહદો પર અભિયાનની શરૂ થયેલ કામગીરીને હવે લડાઈ તરફ લઈ જવી છે. દુશ્મન દેશ હોય કે તે પ્રકારના લોકો હોય તમામ સામે આર પારની લડાઇ લડવી છે. બોર્ડરથી સરહદ પર ઘુસતા ડ્રગ્સને અમારી પોલીસે જાનના જોખમે પકડી પાડી છે. તે ડ્રગ્સ વિરોધી ઝુંબેશ ગલી–ગલીમા લઈ જવી છે.

તું જીસ ગતિ સે હૈ ચલા,

તું ઉસ ગતિ કો પાયેગા....

તું ફૂલ સુંઘતા રહા,

તો કીસ ગતિ સમાયેગા....

સર પે જીસકે તેજ ઔર,

હાથ ધનુષ બાણ હો....

વીર ઉસકો બોલતે,

વો બુઢા હો જવાન હો....

રણ મે જા કે હો ખડા,

તું ચક્રવ્યુ કો તોડ દે....

મોત કો ભી માત દે,

રે, જીંદગી મરોડ દે.....

- તેના ભાગ રૂપે આજે વિધાનસભા ગૃહમાં રાજયમાં સૌ પ્રથમવાર NDPS સેલની સ્થાપનાની જાહેરાત કરૂ છું. આ સેલ એડીજીપી સીઆઇડી ક્રાઇમ હેઠળ કાર્યરત રહેશે. તેના વડા પોલીસ અધીક્ષક કક્ષાના અધિકારી અને તેના નિયંત્રણમાં નાયબ પોલીસ અધીક્ષક, પોલીસ ઇન્સ્પેક્ટર રહેશે. આ સેલ એક સમગ્ર રાજ્યના તમામ

જીલ્લાઓ / શહેરો સાથે કોર્ડીનેટ કરીને ડ્રગ્સ વિરોધી અભિયાનને નુક્કડ પર ચાની કીટલી સુધી લઈ જશે.

- જેમ કે ATSએ SOGના સંકલનમાં રહીને કામગીરી કરે છે. તેમ આ સેલ દરેક જીલ્લા / શહેર ના પોલીસ તંત્ર સાથે કામગીરી કરશે.
- વધુમાં ગૃહ સમક્ષ એ જાહેરાત કરૂં છું કે આવનારા દિવસોમાં આપણી રાષ્ટ્રીય, સામાજીક, ધાર્મીક સંસ્થાઓ ગુજરાત પોલીસ તંત્ર સાથે સંકલન, પરામર્શ કરીને રાજયના દરેક ગામડા સુધી આ ડ્રગ્સ દુષણની નાબૂદી માટે કાર્યરત રહેશે. રાજય સરકાર તેમને સંપૂર્ણ સહકાર આપીને મદદ કરશે.

# (૮) સાયબર ક્રાઇમ

1.0 હાલ ગુજરાત રાજ્યમાં કુલ ૩૯ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન કાર્યરત છે. જેની વિગતો જોઇએ તો.....

| ક્રમ | સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનની વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | મહાનગરો /શહેરો ખાતે | ૦૪ |
| ૨ | રેન્જ ખાતે | ૦૯ |
| ૩ | જિલ્લાઓ ખાતે | ૨૫ |
| ૪ | સી.આઇ.ડી ક્રાઇમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર | ૦૧ |
| | કુલ સંખ્યા | ૩૯ |

2.0 રાજ્યના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં મંજુર થયેલ મહેકમની વિગત જોઇએ તો

| ક્રમ | સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન | મંજુર મહેકની વિગત |
|---|---|---|
| ૧ | મહાનગરો /શહેરો ખાતે | ૩૪૭ |
| ૨ | રેન્જ ખાતે | ૪૪૧ |
| ૩ | જિલ્લાઓ ખાતે | ૫૬૩ |
| ૪ | સી.આઇ.ડી ક્રાઇમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર | ૨૨૦ |
| | કુલ મંજુર કરેલ મહેકમ | ૧૫૭૧ |

## 3.0 રાજ્યમાં સાયબર ક્રાઈમના ગુનાઓ માટે ૧૯૩૦ હેલ્પલાઈન કાર્યરત છે.

- આ હેલ્પલાઇનમાં ૩૦ લાઈન PRI ટેકનોલોજી વાળી છે. ૨૪ કલાક ચાલુ રહે છે, રોજના સરેરાશ ૨૨૦૦ કોલ આવે છે. આ લાઈનમાં રોજના ૧૦૦ કર્મચારીઓ કાર્યરત હોય, કોઇ પણ વ્યક્તિને મારો ફોન ન લાગ્યો તેવી પ્રતિતિ ન થાય તેની ખાતરી અમોએ આપી છે.
- આ ગૃહના માનનીય સભ્યશ્રીઓ રાજ્યના ખૂણે–ખૂણે લોકોની વચ્ચે પ્રવાસ કરે છે. લોકોના પ્રશ્નોને વાચા આપે છે તો હું આ ગૃહના સભ્યોને વિનંતી કરૂ છું કે લોકોને જાણ કરે કે હવે પછીથી ગુજરાત રાજ્યની ધરતી પર વસતા નાગરિકોને ન્યુડકોલથી ડરવાની કે શરમ રાખવાની જરૂર નથી. આ એક સામાજિક દૂષણ છે...... અને ગુજરાત પોલીસ તંત્ર ટેક્નોલોજીથી સજ્જ થઇને ભોગ બનનારને ન્યાય અપાવશે.
- સાયબર ક્રાઇમમાં ફ્રોડ થયેલ નાણા રોકવાની ( બેંકમાં ફ્રીઝ) કરાવવાની કામગીરીમાં ગુજરાત સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે.
- સાયબર ક્રાઈમ સેલ દ્વારા ફ્રિઝ થયેલ નાણાં પરત અપાવવા બાબતે કરેલ કામગીરી જોઇએ તો સી.આર.પી.સી. કલમ– ૪૫૭ મુજબ બેંકોમા બ્લોક કરેલ નાણા અરજદારોને પરત અપાવવાની કામગીરીમાં ગુજરાત રાજય સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમે છે.

| ક્રમ | નાણા પરત માટેના માધ્યમ | પરત કરાવેલ રકમ |
|---|---|---|
| ૧ | બેંકો દ્વારા પરત કરાવેલ નાણાની રકમ | રૂ. ૪૫.૪૪ કરોડ |
| ૨ | કોર્ટ ઓર્ડર મારફ્તે પરત કરાવેલ નાણાની રકમ | રૂ. ૨૭.૦૨ કરોડ |
| કુલ પરત કરાવેલ નાણાની રકમ | | રૂ. ૭૨.૪૬ કરોડ |

## 4.0 એન્ટી બુલીંગ યુનિટ

- એન્ટી બુલીંગ યુનિટશરુ કરવાની પહેલ કરનાર સમગ્ર ભારતમાં ગુજરાત પ્રથમ છે. આ યુનિટ માર્ચ– ૨૦૨૨ થી કાર્યરત કરવામાં આવેલ છે.
- જેમા નાગરીકોને સોશીયલ મિડીયા અને ટેકનીકલ સબંધી ફરીયાદોનું નિવારણ કરવામાં આવે છે.
- એન્ટી બુલીંગ યુનિટ અંતર્ગત કૂલ–૪૮ નાગરીકોને આત્મહત્યા જેવા ગંભીર પગલા લેતા બચાવવામાં આવેલ છે તે ઉપરાંત વ્યક્તિગત રીતે હેલ્પલાઈન ઉપર કાઉન્સેલીંગ કરીને ભોગ બનનાર નાગરિકોને સાંત્વના તેમજ તેમની મુશ્કેલીનો ઉપાય મેળવીને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

- હાલમાં અત્રેના યુનીટમાં કુલ–૧૩ પોલીસ અધિકારી/કર્મચારી તેમજ ૨ સાયકોલોજીસ્ટ કાઉન્સેલર એન્ટી બુલીંગ યુનિટ ખાતે ફરજ બજાવી રહ્યા છે.

## 5.0 એવોર્ડ :–

- Data Security Council of India (DSCI) દ્વારા આયોજીત DSCI Excellence Awards 2023 અંતર્ગત સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઇ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્યને 'Excellence in Capacity Building of Law Enforcement Agencies'માં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંક સાથે વિજેતા જાહેર કરેલ છે.

# (૯) તેરા તુજકો અર્પણ.... વિગત

- **"તેરા તુજકો અર્પણ"નું ઉદ્દેશ્ય:-**

સમગ્ર રાજયમાં વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે વિવિધ ગુનાઓમાં કબજે લીધેલ મુદ્દામાલ નામદાર કોર્ટના સંકલનમાં રહી ઝડપ થી હુકમ મેળવી ફરીયાદી / અરજદારશ્રીઓને પોતાનો મુદ્દામાલ સરળતાથી મળી રહે અને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા ન પડે અને તેઓનો સમય અને શક્તિ બચે તેવા આશયથી પ્રજાની સરળતા માટે એક નવી પહેલ શરૂ કરવામાં આવેલ.

જે અંતર્ગત દરેક પોલીસ સ્ટેશન ખાતે કબજે થયેલ મુદ્દામાલ કબજે થયા બાદ ખુબજ ઓછા સમયમાં નામદાર કોર્ટમાંથી પરત સોંપવા અંગે હુકમ મેળવી તે મુદ્દામાલ લોક દરબાર/ જાહેર કાર્યક્રમ યોજી ફરીયાદી/અરજદારશ્રીઓને તેઓનો પરત આપવાની કામગીરીની નવી પહેલ ‘‘તેરા તુજકો અર્પણ’’ શરૂ કરવામાં આવેલ છે.

- **મેળવેલ સિધ્ધી:-**

સમગ્ર રાજયમાં મહાનગરોથી લઈને આદિજાતી વિસ્તાર, ગ્રામ્ય વિસ્તારને આવરીને ૧૨૦ કાર્યક્રમ કરીને ૧૪૫ કરોડનો મુદ્દામાલ પરત આપવામાં આવેલ છે.

# (૧૦) CPR તાલીમ

- CPR (Cardiopulmonary Resuscitation) જેમાં બેભાન થયેલ દર્દીની છાતી પર દબાણ આપવામાં આવે છે અને સાથે જ મોઢા દ્વારા કૃત્રિમ શ્વાસ પણ આપવામાં આવે છે. ઘણી વખત હાર્ટ અટેક વખતે અને શ્વાસ ન આવે એ વખતે દર્દી પર CPR પ્રયોગ કરવાથી એમનો જીવ બચાવી શકાય છે.
- જો કોઈ વ્યક્તિને અચાનક શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગે અને હ્રદય કામ કરતું અટકી જાય ત્યારે એમના શરીરમાં ઑક્સીજન પૂરું થવા લાગે છે અને એ મૃત્યુ તરફ આગળ વધે છે. એ ક્ષણે જો સમય રહેતા એમને CPR મળી રહે તો એમનો જીવ બચી શકે છે.
- જ્યારે હોસ્પિટલ નજીક ઉપલબ્ધ ન હોય અને હોસ્પિટલ પહોંચવામાં સમય લાગે તેવા સંજોગોમાં કાર્ડિયાક અરેસ્ટના દર્દીઓને સીપીઆર આપીને તેમનું જીવન બચાવી શકાય છે.
- તાજેતરમાં કાર્ડિયાક અરેસ્ટના વધતા જતા બનાવોની ગંભીરતાને ધ્યાને લઈ,

⇨પોલીસ અધિકારી<br>
⇨હોમ ગાર્ડ / TRB<br>
⇨જેલ કર્મચારીઓ

તમામ માટે વર્ષ–૨૦૨૩માં CPR તાલીમનું આયોજન કરવામાં આવેલ. અને તાલીમના અંતે તાલીમ લીધેલ જવાનોએ ઘણા નાગરીકોના જીવ બચાવેલ છે. જેના અમુક દ્રષ્ટાંત જોઈએ તો

## ❖ પરિણામો :

| ક્રમ | બચાવમાં સામેલ પોલીસ કર્મચારીઓ | વિગત |
|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર<br><br>HC રીઝવાન શેખ,<br><br>HC નરેન્દ્રભાઈ કચરાભાઈ પરમાર | તા.૭/૯/૨૦૨૩ ના રોજ કાલુપુર રેલેવ સ્ટેશન ખાતે હાજર હતા તે દરમ્યાન એક પ્રાઈવેટ ટેક્સીના ડ્રાઈવર અને ટેક્સીમાં સવાર મહીલાએ પોતાના પતિ અચાનક બેભાન થઈ ગયેલ હોવાથી ૧૦૮ મંગાવી આપવા વિનંતી કરતા હતા તે દરમ્યાન સામે જણાવેલ હાજર કર્મચારીઓએ ૧૦૮ ફોન કરી કરી સદર વ્યકતિને ગાડીમાંથી નીચે ઉતારી સી.પી.આર આપતા થોડીવારમાં બેભાન રહેલ મહારાષ્ટ્રીયન વ્યકતિ સભાન અવસ્થામાં આવી ગયેલ અને ૧૦૮ આવતા સદર વ્યકતિને હોસ્પિટલ ખાતે રવાના કરવામાં આવેલ. |
| ૨ | સુરત શહેર<br><br>ASI વિપુલભાઈ ગોકુળ ભાઈ<br>HC હરપાલસિંહ કનુભાઈ<br>PC જેન્તીભાઈ કાથુડીયાભાઈ<br>PC કાંતિભાઈ સામંતભાઈ | મોટા વરાછા પો.ચોકીની બાજુમાં આવેલ ઘરમાં એક ઈસમે ગળે ફાંસો ખાઈ લીધેલાની જાણ થતા ગળે ફાંસો ખાધેલ ઈસમને નીચે ઉતારી લઈ CPR આપી બચાવી લઈ ૧૦૮ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે મોકલી આપેલ છે અને એકનો જીવ બચાવી લીધેલ છે |

| | | |
|---|---|---|
| ૩ | ગીરસોમનાથ<br><br>HC શ્રી મુકેશભાઇ ડાયાભાઇ<br>HC શ્રી દિપનભાઇ નગુભાઇ<br>HC શ્રી હિતેષભાઇ રાયસિંગભાઇ<br>SRD શ્રી દિપકભાઇ જાદવભાઇ | કાયદા અધિકરી તરીકે ફરજ બજાવતા શ્રી ડી.ડી.પટેલ નાઓને ચાલુ ફરજ દરમ્યાન તા.૦૩/૦૮/૨૦૨૩ ના રોજ એટેક આવતા તત્કાલીક સી.પી.આર. આપી પ્રાથમિક સારવાર કરી ઉપરી અધિકારીશ્રીઓને જાણ કરી સરકારી વાહનમાં વેરાવળ ખાતે આદિત્ય બીરલા હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરી મહામુલિ માનવ જીંદગી બચાવેલ છે. |
| ૪ | મહિસાગર<br>કોઠંબા પો.સ્ટે. | તા.૨૪/૦૯/૨૦૨૩ ના રોજ હાડોડ બ્રીજ નીચે મહીસાગર નદીના પાણીના પ્રવાહમાં તણાતાં રેસક્યુ કરી ઈસમને બહાર કાઢી CPR આપી તાત્કાલીક લુણાવાડા હોસ્પિટલમાં પહોચાડી સારવાર કરાવી જીવ બચાવવામાં આવેલ. |

# (૧૧) ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કાર્યવાહી

રાજયમાં સરહદી વિસ્તારમાં અમુક ઈસમો દાણચોરી, ડ્રગ્સ જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હોવાનું રાજ્ય સરકારને જણાયેલ. આવા રાષ્ટ્ર વિરોધી માનસિકતા ધરાવતા ઈસમો સરકારી જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને દેશ વિરોધી પ્રવૃત્તિઓ કરતા હોઈ, તે દિવસો હવે ગયા છે.

હવે દાદાનું બુલડોઝર ગેરકાયદેસર દબાણો પર ફરવા લાગ્યું છે.

| | |
|---|---|
| દેવભૂમિ દ્વારકા | બેટદ્વારકા-અનેક, હર્ષદ (૨૭૫ બાંધકામ), નાવદ્રા(૧૧૧ બાંધકામ), ઝીંઝુડા, ભોગાત(૧૩૩ બાંધકામ) |
| પોરબંદર | ઉદ્યોગનગર પો.સ્ટે. મજાર/દરગાહ, નવીબંદર ગોસાબારા કબ્રસ્તાનની કમ્પાઉન્ડ વોલ, રાજપર ગામતળ હાઈ-વેની બાજુમાં ચાર દુકાનો અને ગોસાબારા દરિયાકિનારે (ગોસાબારા એક જમાનામાં દાણચોરીનું હબ કહેવાતું હતું) |
| અમદાવાદ | જમાલ પુર હમજા ટેક્સ |
| સુરત | સરજુ કોઠારી, અલ્લારખા બરફવાલ |
| પાવાગઢ | અનેક કોમર્શીયલ |
| ગીર-સોમનાથ | ૨૦૦ કોમર્શીયલ, ૧૦૩ રહેણાંક |
| જામનગર | બેડી વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિ કરતા ઈસમ રઝાક સાયસાના સરકારી જમીન પરના બંગલા |

# (૧૨) જેલ વિભાગ

- **નવી ભરતી**

- આગામી સમયમાં રક્ષક સંવર્ગની ૧૦૧૩ પુરુષ અને ૮૧ મહિલાઓ મળી કુલ ૧૦૯૪ જગ્યાઓની ભરતી આગામી સમયમાં ભરતી થનાર છે.

- ઉપરાંત જુનિયર કલાર્ક સંવર્ગની ૬૪ જગ્યાઓ ભરવાની પણ કાર્યવાહી પ્રગતિમાં છે.

- **માનવીય અભિગમ/સજા માફી**

- રાજ્યની જેલની અંદર જેલની શિસ્ત અને સલામતીને પ્રાથમિકતાની સાથે સાથે માનવીય અભિગમ પણ દાખવવામાં આવે છે.

- ફળસ્વરૂપે કેદીઓ દ્વારા પોતાની જેલની અંદર વર્તણૂક અને જેલની અંદર કરેલ કામગીરીના બદલામાં તેઓને તેમની સજામાં માફી પણ આપવામાં આવે છે.

- છેલ્લા બે વર્ષમાં કૂલ-૨૦૦ કેદીઓને સજા માફી આપવામાં આવેલ છે. છેલ્લા ત્રણ માસમાં ૧૩૦ કેદીઓને જેલ મુકિતનો નિર્ણય કરેલ છે.

- **તાલુકા સબ જેલો:**

- રાજ્યની મામલતદાર હસ્તક તાલુકા સબ જેલો પણ રાજ્યની મુખ્ય જેલોની સાથે સાથે જેલ પ્રભાગના સીધા નિયંત્રણ હેઠળ લેવાનું આયોજન છે. ફળસ્વરૂપે મામલતદાર પોતાની અન્ય અગત્યની કામગીરીમાં વિશેષ ધ્યાન આપી શકશે તેમજ તાલુકા સબ જેલો ખાતે ફરજ બજાવતા રાજ્યના પોલીસ વિભાગના કર્મચારીઓ

પાસેથી અન્ય કામગીરી લઇ શકાશે તથા રાજ્યની મુખ્ય જેલોની જેમ જ તાલુકા સબ જેલોની શિસ્ત અને સલામતીમાં પણ વધારો થશે.

- **જામર સીસ્ટમ:**

- રાજ્યની જેલોની અંદર અનધિકૃત સંદેશાવ્યવહાર અટકાવવા માટે અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સેલફોન જામર સીસ્ટમ સ્થાપિત કરવામાં આવેલ છે. સદર જામર સમયાંતરે થતા બેન્ડ વિડથમાં ફેરફાર તથા મોબાઈલ ટેકનોલોજીમાં થતા ફેરફારને કારણે સદર 4G જામર સીસ્ટમ હાલના સમયે ઓછી અસરકારક નીવડી રહી છે. જેથી તેને 5G નેટવર્ક સુધી અપગ્રેડ કરવાનું આયોજન છે.

- રાજ્યની લાજપોર મધ્યસ્થ જેલ એ દક્ષિણ ગુજરાતની મહત્વની અને સંવેદનશીલ જેલ હોય, નવી 12 યુનિટ 5G સેલફોન જામર સીસ્ટમ સ્થાપિત કરવાનું આયોજન છે.

- **કેદીઓને વેતન:**

- કેદીઓને જેલ જીવન દરમિયાન દૈનિક પ્રવૃત્તિ મળી રહે અને કેદીમાં કૌશલ્યનો વિકાસ થાય અને જેલમાંથી બહાર નીકળ્યા પછી સમાજમાં સારા નાગરિક તરીકે તેનું પુનઃસ્થાપન થાય તે હેતુસર તેમજ તેઓ પોતાના પરીવાર માટે આર્થિક રીતે બોજ ન બની રહે તે

હેતુસર પોતે કરેલ કામગીરીના બદલામાં તેઓને ચુકવવામાં આવતા વળતરમાં વધારો કરેલ છે.

**વેતનમાં કરેલ વધારાની વિગત**

| ક્રમ | વિગત | અગાઉનું વેતન રૂ. | હાલનું વેતન રૂ. |
|---|---|---|---|
| ૧ | બિનકુશળ કામગીરી | ૭૦ | ૧૧૦ |
| ૨ | અર્ધકુશળ કામગીરી | ૮૦ | ૧૪૦ |
| ૩ | કુશળ કામગીરી | ૧૦૦ | ૧૭૦ |

- જેલ વિભાગના રક્ષક વર્ગના કર્મચારીઓના ભથ્થામાં વધારો:

- રાજયના જેલ વિભાગના જેલ સહાયક, સિપાઇ, હવાલદાર અને સુબેદાર સંવર્ગના કર્મચારીઓને આપવામાં આવતા વિવિધ પ્રકારના ભથ્થાઓમાં વધારો કરવામાં આવેલ છે.

**જાહેર સુરક્ષા પ્રોત્સાહન (Public Security Incentive)"ભથ્થામાં વધારો**

| ક્રમ | વિગત | અગાઉનું ભથ્થું રૂ. | હાલનું ભથ્થું રૂ. |
|---|---|---|---|
| ૧ | જેલ સહાયક | – | ૩૫૦૦ |
| ૨ | સિપાઇ | ૬૦ | ૪૦૦૦ |
| ૩ | હવાલદાર | ૬૦ | ૪૫૦૦ |
| ૪ | સુબેદાર | ૬૦ | ૫૦૦૦ |

## વોશિંગ ભથ્થામાં કરેલ વધારાની વિગત

| ક્રમ | વિગત | અગાઉનું ભથ્થું રૂ. | હાલનું ભથ્થું |
|---|---|---|---|
| ૧ | જેલ સહાયક | – | ૫૦૦ |
| ૨ | સિપાઇ | ૨૫ | ૫૦૦ |
| ૩ | હવાલદાર | ૨૫ | ૫૦૦ |
| ૪ | સુબેદાર | ૨૫ | ૫૦૦ |

- ફીક્સ પગારના જેલ સહાયકોને બીજા, ચોથા શનિવાર તથા રવિવાર ઉપરાંત જાહેર રજાના દિવસે બજાવેલ ફરજ બદલ મળતા રજા પગારમાં પણ અગાઉ મળતા રૂ. ૧૫૦/–ના વેતનમાં વધારો કરી રૂ.૬૬૫/– કરવામાં આવેલ છે.

## (૧૩) સમાપન

હવે, રજુ કરાયેલ ગૃહ વિભાગના અંદાજપત્રમાં કુલ રૂ.૧૦,૩૫૮/- કરોડની સુચિત જોગવાઈમાં સમાવિષ્ટ કુલ પાંચ માંગણીઓ પૈકી મુખ્યત્વે........

- માંગણી ક્રમાંકઃ- ૪૨ (ગૃહ વિભાગ પ્રોપર) હેઠળ રૂ.૩૯/- કરોડ
- માંગણી ક્રમાંકઃ- ૪૩ (પોલીસ) હેઠળ રૂ.૭,૮૧૧/- કરોડ
- માંગણી ક્રમાંકઃ- ૪૪ (જેલ) હેઠળ રૂ.૨૪૩/- કરોડ

એમ કુલ રૂ.૮,૦૯૩/- કરોડની માંગણીઓ સભાગૃહ સમક્ષ રજુ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,

ગૃહ વિભાગની ૪૨, ૪૩ અને ૪૪ નંબરની માંગણીઓના સંદર્ભે તમામ સાથી સભ્યોએ તેમના કિંમતી અને પોલીસ તંત્રની કામગીરીને સવિશેષ સુદ્રઢ કરવા માટે સૂચનો કરેલ છે. સામેના મિત્રોએ સરકારની ક્ષતિઓ પણ જણાવેલ છે. આ બધા સૂચનો, મંતવ્યો, અભિપ્રાયોનું હું તેને આવકારું છું અને આ ગૃહને વિનંતી કરૂં છું કે ૨૦૨૩-૨૪ના વર્ષથી જેમ જ આપણે આપણા પોતાના પોલીસ તંત્રની કામગીરી શ્રેષ્ઠત્તમ બને તે માટે તમામ સાથી સભ્યો પક્ષાપક્ષીથી પર રહીને ૨૦૨૪-૨૫ની માંગણીઓને કુલડે કુલડે વધાવી લેવા માટે બે હાથ જોડી મસ્તક નમાવીને સન્માનનીય ગૃહને વિનીત ભાવે પ્રાર્થના કરું છું.

જય શ્રી રામ......

ભારત માતા કી જય.......

જય જય ગરવી ગુજરાત........